# આણંદ કૃષિ યુનિવર્સિટી
# માળી તાલીમની પ્રવેશ અંગેની જાહેરાત

| | | |
|---|---|---|
| ૧ | અભ્યાસક્રમનું નામ | "ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ" (માળી તાલીમ)નો ૬ (છ) માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૨ | અભ્યાસક્રમનું સ્થળ તેમજ અરજી ફોર્મ મેળવવા/આપવા માટેનું સરનામું | પ્રાધ્યાપક અને વડાશ્રી,<br>બાગાયત વિભાગ, માળી તાલીમ કેન્દ્ર,<br>બં. અ. કૃષિ મહાવિદ્યાલય<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦ |
| ૩ | શૈક્ષણિક લાયકાત | ધોરણ–૦૭ (સાત) પરીક્ષા પાસ |
| ૪ | ઉંમર | ૧૫ થી ૪૦ વર્ષ |
| ૫ | દાખલ શકિત | ૨૫ (પચ્ચીસ) બેઠકો |
| ૬ | અનામત બેઠકો | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર |
| ૭ | અરજીફોર્મ/સુચિપત્ર મેળવવા અંગેની વિગત | કોઈપણને રૂબરૂમાં કેન્દ્ર ખાતે રૂા.૨૦.૦૦ રોકડા ભરવાથી અથવા મનીઓર્ડરથી રૂા. ૫૦.૦૦ મોકલવાથી મળી શકશે અથવા નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી ફોર્મની સાથે ફી રૂા. ૨૦/–રોકડા જમા કરાવવાના રહેશે. |
| ૮ | શિષ્યવૃતિની વિગત | રૂા. ૨,૦૦૦/– પ્રતિ માસ (હાજરી મુજબ) |
| ૯ | અરજીફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ અને વધુ માહિતી માટે વેબસાઈટ | તા. ૧૫.૦૭.૨૦૨૫<br>www.aau.in<br><br>ડૉ. જે. કે. પટેલ<br>વિસ્તરણ શિક્ષણ નિયામક |

# ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ
# (માળી તાલીમ)

## સૂચિપત્ર

कृणवन्तो राष्ट्र कृषि संपन्नम्

## વર્ષ : ૨૦૨૫–૨૦૨૬

## કિંમત રૂા. ૨૦.૦૦


**માળી તાલીમ કેન્દ્ર**
**બાગાયત વિભાગ**
**બં. અ. કૃષિ મહાવિદ્યાલય**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦**

## (૧) સામાન્ય માહિતી :

આજના ઉદ્યોગીકરણ અને શહેરીકરણને લીધે પ્રદુષણનો મોટો પ્રશ્ન ઉભો થયેલ છે. આ સંજોગોમાં શહેરમાં ખાનગી અને જાહેરક્ષેત્રના નાના–મોટા બગીચાઓનું મહત્વ ઘણું વધારે છે. બગીચાઓ ઉપરાંત રસ્તાઓની આસપાસ શોભા તથા છાંયા માટે વૃક્ષો હોવા તે પણ એટલું જ જરૂરી છે. શહેરમાં મકાનોની આસપાસ નાની–મોટી જગ્યામાં કીચન ગાર્ડન બનાવવાથી સારા એવા પૈસા બચાવી શકાય અને તાજા શાકભાજી મળી રહે. પરંતુ બગીચાઓ તૈયાર કરવા, તેની જાળવણી, વૃક્ષોના રોપા તૈયાર કરી ઉછેરવા અને શાકભાજીનાં ધરૂ તૈયાર કરવાં એ કામના જાણકાર એવા ટ્રેઈન્ડ માળીની ખાસ જરૂરિયાત રહે છે. પરંતુ સહેલાઈથી આવી તાલીમ મળવાના અભાવે ટ્રેઈન્ડ માળીઓ મળતા નથી. આથી આ કેન્દ્ર ખાતે ખાસ કરીને માળી કામની પ્રાયોગિક તાલીમ મળે અને ટ્રેઈન્ડ માણસો તૈયાર થાય તે હેતુથી માળી તાલીમનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ હાથ ધરવામાં આવેલ છે.

## (૨) ઉદ્દેશ :

માળી તાલીમનો મુખ્ય ઉદ્દેશ બાગાયત ક્ષેત્રમાં માળીના કામ માટે બૌધ્ધિક તેમજ પ્રાયોગિક તાલીમ ધ્વારા કુશળ માળીઓ બનાવવાનો છે. કે જેથી આ કુશળ માળી રાજયની જુદી જુદી સરકારી, અર્ધસરકારી અને અન્ય ખાનગી સંસ્થાઓમાં નોકરી મેળવી રોજગારી મેળવી શકે તેમજ પોતાની નર્સરી બનાવી સ્વતંત્ર ઉદ્યોગ સ્થાપી સ્વરોજગારી પણ મેળવી શકે.

## (૩) સ્થળ :

બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે નીચે જણાવેલ સરનામે માળી તાલીમ ચલાવવામાં આવે છે.

| ક્રમ | માળી તાલીમ કેન્દ્રનું નામ અને સરનામું | કેન્દ્ર માટે ફાળવેલ જિલ્લાઓ |
|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક અને વડા<br>બાગાયત વિભાગ, માળી તાલીમ કેન્દ્ર<br>બં. અ. કૃષિ મહાવિદ્યાલય<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦ (જી. આણંદ) | ખેડા, આણંદ, ગોધરા, દાહોદ, વડોદરા, અમદાવાદ, મહીસાગર અને છોટા ઉદેપુર |

## (૪) શિક્ષણ અને અભ્યાસક્રમ :

ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં ૬ (છ) માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં લેખિત (થીયેરી) તેમજ પ્રત્યક્ષ (પ્રાયોગિક) કાર્ય શીખવવામાં આવે છે. આ અભ્યાસક્રમ અન્વયે અંગત/ખાનગી બાગબગીચાનું મહત્વ, તેની તકો, વિકાસની શકયતા, પર્યાવરણમાં ફાળો, ફૂલછોડની ઓળખ, તેનું સંવર્ધન, રોપણી, ઉછેર અને પાક સંરક્ષણ અંગે તાલીમ આપવામાં આવે છે તેમજ જુદી જુદી જાતના બગીચાઓ તેના વિભાગો જેમ કે કમાનો, ફુવારા, પૂતળા, મંડપ, રોકરી, બોનસાઈ, ટોપીયરી વગેરે બાબતો અંગેના અભ્યાસનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઘર આંગણાના બગીચા માટે શાકભાજી અને ફળઝાડ માટેનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવે છે.

## (૫) અભ્યાસક્રમની શરૂઆત :

ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં ૬ (છ) માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ સામાન્ય રીતે ઓગષ્ટ માસના પ્રથમ અઠવાડિયાથી શરૂ કરવામાં આવશે. જેના વર્ગ શરૂ કરતાં પહેલા પ્રવેશ અંગેની જાહેરાત રાજયકક્ષાના કોઈપણ ગુજરાતી દૈનિક સમાચારપત્રમાં અભ્યાસક્રમ શરૂ થવાના એક માસ અગાઉ આપવામાં આવે છે.

પ્રવેશ માટે અરજીફોર્મ સુચિપત્ર સાથે સામેલ રાખેલ અરજીપત્રકમાં સંપૂર્ણપણે ભરી **તા.૧૫.૦૭.૨૦૨૫** સુધીમાં ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ કેન્દ્ર), બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦ને અચૂક મળી જાય તે રીતે મોકલવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અરજીપત્રકો ગ્રાહય રાખવામાં આવશે નહીં.

**(૬) પ્રવેશ :**

ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં પ્રવેશ અંગેની જરૂરી વિગતો નીચે મુજબ છે.

**(અ) શૈક્ષણિક લાયકાત :**

પ્રવેશ માટે શૈક્ષણિક લાયકત ધોરણ–૭ પરીક્ષા પાસ છે. ધોરણ–૭થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા ધોરણ–૯ અને ધોરણ–૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ યાદી) બનાવાવમાં આવશે. જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને મેરીટમાં કોઈ લાભ આપવામાં આવતો નથી.પરીક્ષા ગુજરાત બોર્ડ/શાળામાંથી પાસ કરેલી હોવી જોઈએ.

**(બ) ઉમર :**

પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારની ઉમર શૈક્ષણિક સત્ર શરૂ થવાના દિવસે ૧૫ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઈએ.

**(ક) અનામત :**

(૧) પ્રવેશ માટે અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) તેમજ આર્થિકરીતે નબળાવર્ગ (EWS) ઉમેદવારો માટે પ્રવર્તમાન નિતિ–નિયમો અનુસાર અનુક્રમે ૭, ૧૫, ૨૭ તથા ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે. આ અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહિ મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લીસ્ટ) પ્રમાણે ક્રમાનુસાર ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેનું જે તે તાલુકા મામલતદાર / જિલ્લા સામાજકલ્યાણ અધિકારી / સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજીફોર્મ સાથે રજુ કરવાની રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૨૭ ટકા બેઠકોમાં ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જ પ્રવેશપાત્ર રહેશે. આ બાબતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મતલબનું સરકારના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતા ફેરફારનો અમલ કરવાનો રહેશે.

**(ડ) અન્ય નિયમો :**

(૧) ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)ની પ્રવેશ ક્ષમતા ૨૫ વિદ્યાર્થીઓની રહેશે.

(૨) ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં પ્રવેશ મેળવનારને છાત્રાલયની ઉપલબ્ધતા પ્રમાણે સુવિધા આપવામાં આવશે.

(૩) અરજીફોર્મ ભરનાર ઉમેદવારના પિતા હયાત ન હોય તેવા કિસ્સામાં જ ઉમેદવારના પિતાના બદલે વાલીની સહી અરજીફોર્મમાં કરાવવાની રહેશે.

**(ઈ) અરજીફોર્મ :**

(૧) અરજીફોર્મ / સૂચિપત્ર રૂબરૂ મેળવવા માંગતા ઉમેદવારે રૂા. ૨૦/– રોકડા ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)ની કચેરીમાં ભરવાના રહેશે. જયારે ટપાલથી મેળવવા માંગતા ઉમેદવારે રૂા. ૫૦/–નો મની ઓર્ડર ઈન્ચાર્જશ્રી, ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ, બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ–૩૮૮ ૧૧૦ (માળી તાલીમ કેન્દ્ર)ની કચેરીને મોકલી આપવાનો રહેશે.

(૨) અરજીફોર્મ સાથે ઉમેદવારે નીચે મુજબનાં બિડાણો સામેલ કરવાનાં રહેશે.

(અ) ધોરણ–૭, ૮, ૯ અથવા ધોરણ–૧૦ પૈકીની છેલ્લા અભ્યાસક્રમનાં ગુણપત્રકની પ્રમાણિત નકલ.

(બ) ઉંમરના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(ક) ઉમેદવાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) વર્ગના હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકા મામલતદાર/જિલ્લા સામાજકલ્યાણ અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(ડ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૨૭ ટકા બેઠકોમાં ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જ પ્રવેશપાત્ર રહેશે. આ બાબતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મતલબનું સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર (ક્રીમીલીયર) અરજીફોર્મ સાથે રજુ કરવાનું રહેશે.

**(ફ) રૂબરૂ મુલાકાત (કાઉન્સેલીંગ) :**

(૧) પ્રવેશ મેળવવા માટે ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)ની કચેરીને મળેલ અરજીઓ પૈકી માન્ય અરજીઓવાળા ઉમેદવારોને ગુણવત્તાના ધોરણે સ્વખર્ચે રૂબરૂ મુલાકાત (કાઉન્સેલીંગ) માટે બોલાવવામાં આવશે. કાઉન્સેલીંગના દિવસે હાજર રહેલ ઉમેદવારોની રૂબરૂ મુલાકાત પસંદગી સમિતિ ધ્વારા કરવામાં આવશે. જેમાં પસંદ થયેલ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ મળવાની સાથે જ ઉમેદવારે સંસ્થાની કચેરીમાં નીચે પ્રમાણેની કોશન મની / ફીની રકમ ભરવાની રહેશે અન્યથા પ્રવેશ રદ ગણાશે. અનામતની રકમ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ નિયમાનુસાર પરત મળવાપાત્ર રહેશે.

(૨) રૂબરૂ મુલાકાત માટે બોલાવાયેલ ઉમેદવારોએ કાઉન્સેલીંગ વખતે અરજીફોર્મમાં જણાવ્યા મુજબનાં અસલ પ્રમાણપત્રો/માર્કશીટ રજુ કરવાના રહેશે.

**(૭) કોશન મની / ફી / અનામતની રકમ :**

| | | |
|---|---|---|
| (૧) છાત્રાલય અનામત | રૂા. ૫૦/– | (પરત મળવાપાત્ર) |
| (૨) કોશન મની | રૂા. ૨૫/– | (પરત મળવાપાત્ર) |
| (૩) ઓળખપત્ર ફી | રૂા. ૨૦/– | |
| (૪) ગુણપત્રક ફી | રૂા. ૨૦/– | |
| (૫) પ્રમાણપત્ર ફી | રૂા. ૩૦/– | |
| (૬) પ્રયોગશાળા ફી | રૂા. ૫૦/– | |
| **કુલ** | **રૂા. ૧૯૫/–** | |

**(૮) હાજરી :**

ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦% હાજરી જરૂરી રહેશે.

**(૯) સ્ટાઈપેન્ડ :**

ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં પ્રવેશક્ષમતાની મર્યાદામાં પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટીના પ્રર્વતમાન નિયમાનુસાર સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

**(૧૦) સામાન્ય નિયમો :**

(અ) યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના ડોકટરનું જરૂરી પ્રમાણપત્ર મળ્યેથી પ્રવેશ માન્ય લેખાશે.

(બ) કોઈપણ વિદ્યાર્થી બિમાર કે ચેપી રોગનો ભોગ બનેલ હોય તો ડોકટરના ફિટનેસ સર્ટિફિકેટ સિવાય વર્ગમાં હાજરી આપી શકશે નહિ.

(ક) તાલીમાર્થીઓએ નિયમિત સમયપત્રક મુજબ હાજરી આપવાની રહેશે. અભ્યાસ દરમ્યાન નિયત પરીક્ષાઓ નિયત સમયે આપવાની રહેશે.

(ડ) જે તાલીમાર્થીની પ્રગતિ અસંતોષકારક જણાશે તેમને ગમે તે સમયે તાલીમમાંથી છુટા કરવામાં આવશે.

(ઈ) તાલીમ દરમ્યાન કોઈ અંગત મિલકતના ગુમ થવા અંગે કે કોઈપણ અકસ્માતની જવાબદારી તાલીમાર્થીની પોતાની રહેશે.

(ફ) જો કોઈ તાલીમાર્થી તાલીમ દરમ્યાન યુનિવર્સિટીની માલમિલકતને નુકશાન કરશે તો તે જે તે તાલીમાર્થી પાસેથી વસુલાતને પાત્ર રહેશે.

(ગ) પ્રવેશ મેળવેલ તાલીમાર્થીને કેન્દ્રમાંથી ઓળખપત્ર આપવામાં આવશે. જે તાલીમ દરમ્યાન જરૂર પડે સંબંધિત અધિકારીશ્રીને બતાવવાનું રહેશે.

(ઘ) યુનિવર્સિટીએ નકકી કરેલ શિસ્તના બધા જ નિયમોનું ચુસ્તપણે પાલન તાલીમાર્થીઓએ કરવાનું રહેશે અને તેમાં વખતો વખત ફેરફાર કરવામાં આવે તો તે તાલીમાર્થીને બંધનકર્તા રહેશે.

**(૧૧) પરીક્ષા :**

➢ પ્રવેશ મેળવતા દરેક વિદ્યાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી જરૂરી રહેશે. કોર્ષ દરમ્યાન કુલ ત્રણ પરીક્ષાઓ લેવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષા | સમય | ગુણ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ આંતરિક પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદ બે માસના અંતે | ૧૫ |
| ૨ | દ્રિતીય આંતરિક પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદ ચાર માસના અંતે | ૧૫ |
| ૩ | અંતિમ પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદ છ માસના અંતે | ૭૦ |

**(૧૨) મૂલ્યાંકન :**

૬ (છ) માસના પુરા સમયના અભ્યાસક્રમમાં આંતરિક અને અંતિમ પરીક્ષાઓ લેવામાં આવે છે સફળ થયેલ ઉમેદવારને ગુણકક્ષા પ્રમાણે તાલીમ સફળતાપૂર્વક પુરો કર્યાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે ગુણકક્ષાનું ન્યૂનતમ ધોરણ નીચે મુજબ છે.

| ક્રમ | શ્રેણી | ટકા |
|---|---|---|
| ૧ | પાસ શ્રેણી | ૩૫.૦૦ થી ૪૯.૯૯ |
| ૨ | દ્રિતીય શ્રેણી | ૫૦.૦૦ થી ૫૯.૯૯ |
| ૩ | પ્રથમ શ્રેણી | ૬૦.૦૦ થી ૬૯.૯૯ |
| ૪ | વિશિષ્ટ શ્રેણી | ૭૦.૦૦ ટકા અને તેવી વધુ |

## (૧૩) છાત્રાલયના નિયમો :

(૧) છાત્રાલય–પ્રવેશ ગુણવતાના ધોરણે ઉપલબ્ધ સગવડની મર્યાદાને આધીન રહીને આપવામાં આવશે.

(૨) ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ(માળી તાલીમના) ૬ (છ) માસના પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર દરેક છાત્રએ છાત્રાલયમાં રહેવાનુ રહેશે. છાત્રાલયમાં જમવાની વ્યવસ્થા સ્વખર્ચે (જાતે) કરવાની રહેશે.

(૩) છાત્રને આપવામાં આવેલ રૂમની સફાઈ છાત્રએ કરવાની રહેશે.

(૪) રૂમમાં ૬૦/૪૦ વોલ્ટથી વધુ નહીં તેવો વીજળીનો ગોળો વાપરી શકાશે. બીજા કોઈ પણ વીજળીનાં સાધનો વાપરી શકાશે નહીં. છતાં પણ કોઈ છાત્ર આવાં સાધનો વાપરતો જણાશે તો તેવાં સાધનો જપ્ત કરવામાં આવશે અને સદરહુ છાત્ર રૂા. ૨૫/– સુધીનો દંડને પાત્ર રહેશે.

(૫) વીજળી અને પાણીનો વપરાશ જરૂર પુરતો જ કરવાનો રહેશે.

(૬) છાત્રાલયની રૂમો, દીવાલો, પરસાળ અથવા મકાનના કોઈપણ ભાગમાં કોઈપણ જાતનાં ચિત્રો કે લખાણ લખવા નહીં અને છાત્રાલયની હદમાં કચરો કે નકામી ચીજો ફેકવી નહીં. બિન ઉપયોગી ચીજો કચરાપેટીમાં નાખવી. છાત્રાલયને સ્વચ્છ અને સુઘડ રાખવું એ દરેક વિદ્યાર્થીની ફરજ રહેશે.

(૭) છાત્રાલયનું મકાન, રાચરચીલું કે અન્ય ચીજવસ્તુઓ કાળજીથી વાપરવાની રહેશે. સંસ્થાની મિલકતને નુકસાન કરનાર વિદ્યાર્થી પાસેથી નુકસાનની રકમ વસુલ કરવામાં આવશે.

(૮) છાત્રાલયમાં કોઈપણ ધુમ્રપાન, દાહક, સ્ફોટક, માદક, કેફી પદાર્થ કે વિનાશક પદાર્થો તથા હથિયારો રાખવાં નહીં.

(૯) કોઈપણ વિદ્યાર્થીએ રૂમમાં પોતાની પાસે કીંમતી વસ્તુઓ રાખવી નહીં. માત્ર જરૂર પુરતા પૈસા પોતાની પાસે રાખવા.

(૧૦) કોઈપણ સંજોગોમાં કુમાર છાત્રાલયમાં સ્ત્રી મહેમાનોને અને કન્યા છાત્રાલયમાં પુરુષ મહેમાનોને રહેવા દેવામાં આવશે નહીં. પિતા અથવા વાલીને વિદ્યાર્થીની મુલાકાત સમયે ગૃહપતિની મંજુરીથી એક દિવસ માટે છાત્રાલયમાં રહેવા દેવામાં આવશે.

(૧૧) બીજા છાત્રોને અભ્યાસક્રમમાં ખલેલ પહોંચે તે રીતે કોઈપણ છાત્રએ રેડિયો અથવા મોબાઈલ ઉપર ગીતો વગાડવાં નહીં.

(૧૨) માંદા પડનાર, ચેપી રોગવાળા અથવા ઈજા પામેલ છાત્રની જાણ ગૃહપતિને તરત જ કરવી કે જેથી તાત્કાલિક સારવારની વ્યવસ્થા થઈ શકે.

(૧૩) છાત્રાલયની હદમાં કોઈ પણ જાતની સભા અથવા ઉત્સવ ગૃહપતિની પરવાનગી વગર યોજી શકાશે નહી.

(૧૪) યુનિવર્સિટી તરફથી આપવામાં આવતું ઓળખપત્ર દરેક વિદ્યાર્થીએ પોતાની પાસે રાખવાનુ રહેશે અને યુનિવર્સિટીના અધિકૃત અધિકારીશ્રીને તે જોવા માંગે ત્યારે બતાવવાનું રહેશે.

(૧૫) વેકેશન દરમ્યાન ગૃહપતિની મંજુરી સિવાય કોઈપણ છાત્ર છાત્રાલયમાં રહી શકશે નહીં.

(૧૬) સાંજે નવ વાગ્યા પછી ગૃહપતિની મંજુરી સિવાય છાત્રાલય છોડી શકાશે નહીં. ખાસ કારણોસર બહારગામ જવા માટે છાત્રાલય છોડતાં અગાઉ ગૃહપતિની મંજુરી લેવાની રહેશે.

(૧૭) છાત્રાલયના નોકરો પાસે કોઈ પણ વિદ્યાર્થીએ અંગત કાર્યો કરાવવાં નહી.

(૧૮) જે છાત્રનો પ્રવેશ તાલીમ કેન્દ્રોમાંથી રદ કરવામાં આવે તે છાત્રએ છાત્રાલયમાં ફાળવેલ રૂમ તાત્કાલિક અસરથી ખાલી કરવાની રહેશે.

(૧૯) ગૃહપતિ, મદદનીશ ગૃહપતિ કે યુનિવર્સિટીના અધિકૃત અધિકારી જયારે છાત્રાલયની મુલાકાત લે / તપાસ કરે તે વખતે દરેક રૂમ ખુલ્લી રાખી છાત્રએ અંગત સામાનની ચકાસણી કરવા દેવાની રહેશે.

(૨૦) છાત્રોએ તેઓની રૂમમાં વીજળી ગોળા/ટયુબ પ્રવેશ વખતે ચાલુ હાલતમાં આપવામાં આવશે. ત્યારબાદ તે બિનકાર્યક્ષમ થયે છાત્રએ પોતાના ખર્ચે બદલીને રૂમની પરત સોંપણી વખતે ચાલુ હાલતમાં આપવાનાં રહેશે.

(૨૧) છાત્રએ શૈક્ષણિક વર્ષ/અભ્યાસક્રમ પુરો થયે છાત્રાલયની રૂમ, ફર્નિચર તથા અન્ય વસ્તુઓની પરત સોંપણી ગૃહપતિને કરવાની રહેશે. નિયમનું ઉલ્લંઘન કરનાર છાત્રની અનામત જપ્ત કરવામાં આવશે.

(૨૨) છાત્રાલયના રસોડાની વ્યવસ્થા છાત્રોએ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ જાતે કરવાની રહેશે અને ટુકડીવાર સોંપેલ કામગીરી જવાબદારીપૂર્વક બજાવવાની રહેશે.

(૨૩) છાત્રાલયમાં દાખલ થતી વખતે ગાદલું, રજાઈ, ઓશીકું, મચ્છરદાની, શેતરંજી, ડોલ, લોટો, પ્યાલો તથા અન્ય રોજીંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ છાત્રએ લાવવાની રહેશે.

(૨૪) છાત્રાલય અંગે કોઈ મુશ્કેલી હોય તો તે અંગે ગૃહપતિને જાણ કરવાથી યોગ્ય કરવામાં આવશે.

(૨૫) ઉપરોકત નિયમો ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટી તરફથી વખતો વખત અમલમાં છાત્રાલયનાં નિયમો તથા જે તે છાત્રાલયના ગૃહપતિ તરફથી સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ઘડેલ નિયમો છાત્રાલયમાં રહેતા તમામ છાત્રોને બંધનકર્તા રહેશે.

## :: અરજીફોર્મ મેળવવાનું સ્થળ ::

**પ્રાધ્યાપક અને વડા**
**બાગાયત વિભાગ, માળી તાલીમ કેન્દ્ર**
**બં. અ. કૃષિ મહાવિદ્યાલય**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦ (જી. આણંદ)**

ફોર્મ નંબર :

# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય

પાસપોર્ટ સાઈઝનો ફોટો

## માળી તાલીમ કોર્ષ
## (અરજીફોર્મ)

૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ : (અટકથી શરૂઆત કરવી) ..................................................

..................................................................................................................

૨. પિતા / વાલીનું પુરેપુરૂ નામ :.......................................................................................

૩. જે કિસ્સામાં ઉમેદવારના પિતા જીવિત ન હોય ત્યારે તેનો વાલી સાથેનો સંબંધ : :...........................

૪. રહેઠાણનું સરનામું :.......................................................................................

..................................................................................................................

...........................................................................મો. નં. ......................................

૫. ઉમેદવારના વતનના જિલ્લાનું નામ : ..............................................................................

૬. જન્મતારીખ (આંકડા તથા શબ્દોમાં) : ..............................................................................

કોર્ષ શરૂ થવાની તારીખે ઉંમર : વર્ષ : .............. માસ :................ દિવસ :.................

૭. જાતિ / પેટા જાતિ : .......................................................................................

૮. અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તથા આર્થિક રીતે નબળા વર્ગના હોય તો તેની વિગત : .......................................................................

૯. પરણિત કે અપરણિત : .......................................................................................

૧૦. શૈક્ષણિક લાયકાત :

| પરીક્ષા પાસ કરેલ શાળાનું નામ | પાસ કરેલી પરીક્ષા | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | પરીક્ષામાં મેળવેલ ગુણની વિગત | | |
|---|---|---|---|---|---|
| | | | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા |
| | ધોરણ–૭ | | | | |
| | ધોરણ–૮ | | | | |
| | ધોરણ–૯ | | | | |
| | ધોરણ–૧૦ | | | | |

૧૨. તમારા પિતા / વાલી / પતિ તમારા વતનના જિલ્લા સિવાયના અન્ય જિલ્લાની જાહેર સંસ્થામાં નોકરી કરે છે ? જો "હા" તો જાહેર સંસ્થાનું નામ તથા સરનામું અને પિતા / વાલી / પતિનો હોદ્દો લખવો.

## :: બાંહેધરી ::

૧૩. જો મને ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)માં દાખલ કરવામાં આવશે તો હું કબુલાત આપું છું કે જે કોઈ નિયમો કે ધારા ધોરણો ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ)ના સંચાલન માટે હાલ અમલમાં છે અથવા ભવિષ્યમાં કરવામાં આવશે તે બધાનું હું તાલીમ કેન્દ્રનો તાલીમાર્થી હોઉં ત્યાં સુધી પાલન કરવા બંધાઉ છું. તાલીમ કેન્દ્રના નિયમિત સંચાલન કે શિસ્તને બાધ આવે તેવું કોઈપણ કાર્ય હું કેન્દ્રની અંદર કે બહાર કરીશ નહિ.

તારીખ :............................

ઉમેદવારની સહી :............................

સ્થળ :............................

## :: ઉમેદવારના પિતા / વાલીએ આપવાની બાંહેધરી ::

આથી હું બાંહેધરી આપુ છું કે મારા ચિરંજીવી / પાલ્યને તાલીમ કેન્દ્રમાં દાખલ કરવામાં આવશે તો તાલીમ કેન્દ્રમાં અને તાલીમ કેન્દ્રની બહાર મારા ચિરંજીવી / પાલ્યની તમામ પ્રકારની વર્તણૂંક માટે હું જવાબદાર છું તેમજ તેની / તેણીની વર્તણુંક બરાબર ન હોય અથવા તાલીમ કેન્દ્રમાં હાજરી ઘટશે તો સંસ્થા જે પગલાં લેશે તે મને મંજુર છે.

તારીખ :............................

પિતા / વાલીની સહી :............................

સ્થળ :............................

**અરજીફોર્મ સાથે સામેલ કરવાની વિગતો :**

(૧) શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(૨) ધોરણ–૭,૮, ૯ તથા ધોરણ–૧૦ પૈકીની છેલ્લાં અભ્યાસક્રમનાં ગુણપત્રકની પ્રમાણિત નકલ.

(૩) ઉમેદવાર અનુસૂચિત જાતિ / જન જાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા હોય તો તેવી જાતિના જે તે જિલ્લાના સમાજકલ્યાણ અધિકારી અથવા મામલતદાર / સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મતલબનું સરકારના સક્ષમ અધિકારીશ્રીના સંલગ્ન વર્ષના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

ખાસ નોંધ : અધૂરી વિગતવાળુ અરજીફોર્મ રદબાતલ ગણાતું હોઈ આ અરજીફોર્મમાં માંગ્યા પ્રમાણેની તમામ વિગતોની માહિતી સંપૂર્ણપણે લખાઈ છે કે કેમ તે ચકાસીને ઉમેદવારે આ અરજીફોર્મ નિયત તારીખ સુધીમાં નિયત સ્થાને અચૂક પહોંચતુ કરવું.